# વર્ષ 2020-21 માં રાષ્ટ્રીય રાજકીય પક્ષોને (રૂ. 20,000 ની રકમથી વધુ રકમના) મળેલ દાનનું વિશ્લેષણ

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ (ADR) દ્વારા વર્ષ 2020-21 માં રાષ્ટ્રીય પક્ષોને મળેલા દાનનું વિશ્લેષણ કરાયું છે. 20 હજાર થી વધુ રકમના દાનની વિગતો રાજકીય પક્ષોને દાનની રકમની વિગતો દરેક રાષ્ટ્રીય રાજકીય પક્ષ ચૂંટણી પંચ ને આપવાની થાય છે. ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલી વિગતોના આધારે આ અહેવાલ બનાવવામાં આવ્યો છે. તેમાં BJP, INC, BSP, NCP, CPI, CPM, AITC અને NPEP પક્ષોના અહેવાલો ને આવરી લીધા છે.

## રાજકીય પક્ષો દ્વારા તેમણે મળેલા દાનની વિગતો રજૂ કરવાની સમયમર્યાદા અંગે ;

a) નિયમો અનુસાર વર્ષ2020-21 દરમ્યાન મળેલાં દાનની વિગતો 30 સપ્ટેમ્બર સુધીમાં રાષ્ટ્રીય ચૂંટણી પંચ ને રજૂ કરવાની હતી. માત્ર BSP પક્ષદ્વારા આ સમયમર્યાદામાં વિગતો ચૂંટણી પંચને આપવામાં આવી. બાકી તમામ પક્ષોએ વિગતો આપવામાં વિલંબ કર્યો છે.


| ક્રમ | પક્ષ | રિપોર્ટ સબમિટ કરવાની છેલ્લી તારીખ 30-09-2021 | | |
|---|---|---|---|---|
| | | પક્ષ કોડ | રિપોર્ટ રજૂ કર્યા તારીખ | વિલંબના દિવસો |
| 1 | બહુજન સમાજ પાર્ટી | BSP | 9 September, 2021 | 0 Day |
| 2 | નેશનલ કોંગ્રેસ પાર્ટી | NCP | 11 October, 2021 | **10 Days** |
| 3 | ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ | AITC | 26 January, 2022 | **117 Days** |
| 4 | કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ) | CPM | 14 February, 2022 | **136 Days** |
| 5 | નેશનલ પીપલ્સ પાર્ટી | NPEP | 15 February, 2022 | **137 Days** |
| 6 | ઇંડિયન નેશનલ કોંગ્રેસ | INC | 11 March, 2022 | **161 Days** |
| 7 | ભારતીય જનતા પાર્ટી | BJP | 14 March, 2022 | **164 Days** |
| 8 | કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા | CPI | 28 March, 2022 | **178 Days** |

## 2. વર્ષ 2020-21 દરમ્યાન રાષ્ટ્રીય પક્ષોને (20 હજાર થી વધુ રકમ) મળેલ દાન અંગે અહેવાલ


a) રાજકીય પક્ષોદ્વારા સબમિટ કરેલા વિગતો અનુસાર વર્ષ 2020-21 માં ઉપરોક્ત તમામ પક્ષોને કુલ **Rs 593.748** કરોડ રૂપિયાનું દાન મળ્યું. (રૂ.20 હજાર થી ઉપરની રકમનું દાન રિપોર્ટ કર્યું છે)

b) આ રકમમાંથી **Rs 477.545** કરોડ રૂપિયાનું દાન BJP પક્ષને મળેલ છે, જ્યારે INC ને **Rs 74.524** કરોડ રૂપિયાનું દાન મળ્યું. BJP ને મળેલ દાન બાકી તમામ પક્ષોને મળેલ કુલ દાનના ચાર ગણા કરતાં પણ વધુ છે.

c) **BSP** ને જાહેર કર્યું છે, કે તેમણે 20 હજારથી વધુ રકમનું કોઈ દાન મળ્યું નથી.





- વર્ષ 2019-20 માં રાજકીય પક્ષોને કુલ 1013.805 કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. તેની સરખામણી માં વર્ષ 2020-21 માં મળેલ દાનની રકમ 41.49% **( રૂ.420.652 કરોડ) ઓછી છે.**
- BJP પક્ષ ને 2019-20 માં 785.77 કરોડ રૂપિયા દાન મળ્યું હતું જે 2020-21 માં ઘટીને રૂ. 477.545 થયું. જે 39.23% ઓછું છે.
- INC પક્ષને 2019-20 માં 139.016 કરોડ દાન મળ્યું હતું જ્યારે 2020-21 તે 46.39% ઘટ્યું એટ્લે 2020-21 માં રૂ.74.534 કરોડ દાન મળ્યું.
- વર્ષ2019-20 ના સરખામણી માં AITC (રૂ.7.6585 કરોડ), NCP (રૂ.33.685 કરોડ) અને CPM (રૂ.6.7925 કરોડ) ઓછું દાન મળ્યું.




## <u>મળેલ દાનની રાજ્ય વાર વિગત</u>

- પક્ષ દ્વારા ECI ને દાન અંગે વિગતો સબમિટ કરવામાં આવી છે, તેમાં દાન આપનાર નું સરનામું છે, તેના આધારે ADR દ્વારા વિવિધ રાજ્યોમાંથી મળેલ ડોનેશનનું વિશ્લેષણ કર્યું છે.
- **દિલ્લીમાંથી રૂ. 246.502** કરોડ રૂપિયાનું દાન મળ્યું. જ્યારે **મહારાષ્ટ્ર માંથી રૂ. 71.681 કરોડ** રૂપિયાનું દાન મળ્યું. **ગુજરાતમાં થી 47.071** કરોડ રૂપિયાનું દાન મળ્યું અને ગુજરાત રાષ્ટ્રીય પક્ષોને દાન આપવામાં ત્રીજા નંબરે છે. (in the year 2019-20 it was 48.23 cr)
- મળેલ દાનમાંથી રૂ.37.912 કરોડ રૂપિયાનું દાન કયા રાજ્યમાંથી આવ્યું છે, તેનો ખ્યાલ આવ્યો નથી, કારણ પક્ષોએ દાતાની વિગત આપેલ છે.

| **Sector-wise top 5 states which contributed to National Parties, FY 2020-21 (in Rs crores)** | | | | | |
|---|---|---|---|---|---|
| | **Corporate/Business Houses** | **Individual** | **Others** | **Undeclared donor name** | **Grand Total** |
| **Delhi** (41.516% of total donations to the Parties) | 228.354 | 18.148 | 0 | 0 | **Rs 246.502 cr** |
| **Maharashtra** (12.07% of total donations to the Parties) | 61.79 | 9.8302 | 0.0608 | 0 | **Rs 71.681 cr** |
| **Gujarat** (7.927% of total donations to the Parties) | 39.713 | 7.358 | 0 | 0 | **Rs 47.071 cr** |
| **West Bengal** (7.028% of total donations to the Parties) | 34.29 | 7.398 | 0.043 | 0 | **Rs 41.731 cr** |
| **Assam** (5.09% of total donations to the Parties) | 13.88 | 16.351 | 0.005 | 0 | **Rs 30.236 cr** |
| **Other states** (19.977% of total donations to the Parties) | 72.391 | 45.2688 | 0.9552 | 0 | **Rs 118.615 cr** |
| **Incomplete and Undeclared Address** (6.39%of total donations to the Parties) | **30.307** | **7.226** | **0.025** | **0.354** | **Rs 37.912 cr** |
| | **Rs 480.725 cr** | **Rs 111.58 cr** | **Rs 1.089 cr** | **Rs 0.354 cr** | **Rs 593.748 cr** |




## દાન કોણે આપ્યું તેની વિગતો: (કોર્પોરેટ, બિઝનેસ હાઉસ, અથવા વ્યક્તિગત)

- **રાજકીય પક્ષોને મળેલ કુલ દાન ના 80.9645% એટ્લે કે રૂ. 480.725 કરોડ રૂપિયા કોર્પોરેટ/બીજનેસ હાઉસ દ્વારા આપવામાં આવ્યા જ્યારે વ્યક્તિગત દાન 2257 મળ્યા જેની રકમ રૂ. 111.58 કરોડ (18.7925%) જેટલી થાય છે.**
- બિઝનેસ હાઉસ દ્વારા BJP પક્ષને 1111 ડોનેશન મળ્યા છે, તેની રકમ 416.794 જેટલી થાય છે. 1071 જેટલા વ્યક્તિગત દાતાઓએ BJP પક્ષ ને રૂ. 60.37 કરોડ દાન આપ્યું.
- INC ને કોર્પોરેટ/બિઝનેસ હાઉસ દ્વારા કુલ 146 દાન મળ્યા જેની રકમ 35.89 કરોડ થાય, જ્યારે 931 લોકોએ INC પક્ષને વ્યક્તિગત દાન આપ્યું. જેની રકમ રૂ.38.59 છે.
- BJP ને કોર્પોરેટ અથવા બિઝનેસ હાઉસ દ્વારા જે દાન મળ્યું તે તમા રાષ્ટ્રીય પક્ષો ને મળેલા કુલ દાન કરતાં 6 ગણા કરતાં પણ વધુ છે.

## સૌથી મોટા દાતા કોણ?

- પૃડંટ ઇલેક્ટોરલ ટ્રસ્ટે સૌથી વધુ રૂ.216.00 કરોડનું દાન આપ્યું છે, તેમાથી **BJP ને 209 કરોડ આપ્યા છે, જ્યારે NCP ને 5 કરોડ, INC ને 2 કરોડ ને આપ્યા છે. (in the year 2019-20 Prudent had contributed 216.75 cr to BJP and 31 crore to INC)**
- **આઈઆરબી ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવેલોપર લી. દ્વારા (રૂ.20 કરોડ, 1 દાન) મોડર્ન રોડ મેકર્સ પ્રા.લી. (રૂ.20 કરોડ, 1 દાન) અને સરંજય બ્રહ્મા દ્વારા 14.46 કરોડ BJP ને આપ્યા છે.**
- **નિરમા લી. દ્વારા BJP ને 10 કરોડ જ્યારે INC ને 60 લાખ** રૂપિયાનું દાન મળ્યું છે.

સૌથી વધુ દાન આપનાર 10 દાતાઓની વિગત નીચે પ્રમાણે છે.



## Annexure – 4

| Top 10 Donors of National Parties for FY 2020-21 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| S. No | Donor Name | Total Amount | Party | No. of donations | Amount (in Rs cr) | Share of donations |
| 1 | Prudent Electoral Trust | Rs 216.00 cr | BJP | 14 | 209.00 | 96.76% |
| | | | NCP | 1 | 5.00 | 2.31% |
| | | | INC | 1 | 2.00 | 0.93% |
| 2 | IRB Infrastructure Developers Ltd | Rs 20.00 cr | BJP | 1 | 20.00 | 100% |
| 3 | Modern Road Makers Pvt Ltd | Rs 20.00 cr | BJP | 1 | 20.00 | 100% |
| 4 | Saranjay Brahma | Rs 14.46 cr | BJP | 4 | 14.460 | 100% |
| 5 | Nirma Ltd | Rs 10.60 cr | BJP | 2 | 10.000 | 94% |
| | | | INC | 2 | 0.600 | 6% |
| 6 | Mhaiskar Infrastructure Pvt Ltd | Rs 10.00 cr | NCP | 2 | 10.00 | 100% |
| 7 | Subhash Gangoli | Rs 10.00 cr | INC | 3 | 10.00 | 100% |
| 8 | Star Cement Limited | Rs 10.00 cr | INC | 2 | 6.000 | 60% |
| | | | BJP | 2 | 4.000 | 40% |
| 9 | M/s Shree Cement Ltd. | Rs 10.00 cr | BJP | 10 | 10.00 | 100% |
| 10 | Rajender Prasad Gupta | Rs 8.50 cr | BJP | 10 | 8.50 | 100% |
| Total donations received from top 10 donors by the National Party | | | | 55 donations | Rs 329.56 cr | 100% |

---

### Party-wise contributions from various states to National Parties – FY 2020-21

| States wise donation received by National Parties for FY 2020-21 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| State | BJP | INC | NCP | CPM | CPI | NPEP | AITC | Grand Total |
| Delhi | 228.239 | 12.9343 | 5.00 | 0.095 | 0.1901 | 0.0436 | 0 | Rs 246.502 cr |
| Maharashtra | 49.0036 | 2.847 | 19.7334 | 0 | 0.097 | 0 | 0 | Rs 71.681 cr |
| Gujarat | 46.0384 | 0.925 | 0.1075 | 0 | 0 | 0 | 0 | Rs 47.071 cr |
| West Bengal | 25.2013 | 16.0613 | 0 | 0 | 0.0435 | 0 | 0.425 | Rs 41.731 cr |
| Assam | 28.766 | 1.46 | 0 | 0 | 0.005 | 0.005 | 0 | Rs 30.236 cr |
| Karnataka | 22.4418 | 4.6792 | 0 | 0 | 0 | 0 | 0 | Rs 27.121 cr |
| Tamil Nadu | 20.524 | 0.5384 | 0 | 0.2654 | 0.142 | 0.06 | 0 | Rs 21.53 cr |
| Haryana | 1.724 | 16.297 | 0 | 0 | 0.0121 | 0 | 0 | Rs 18.033 cr |
| Madhya Pradesh | 13.746 | 0.61 | 0 | 0 | 0.0052 | 0 | 0 | Rs 14.361 cr |
| Meghalaya | 1.00 | 5.00 | 0 | 0 | 0 | 0.47 | 0 | Rs 6.47 cr |
| Punjab | 5.007 | 1.17 | 0 | 0 | 0.049 | 0 | 0 | Rs 6.228 cr |

---

ગુજરાતમાંથી BJP ને કુલ 659 ડોનેશન મળ્યા છે, તેની કુલ રકમ 46.0384 કરોડ થાય છે. તેમાં સૌથી વધુ દાન નિરમા લી. તરફથી આપવામાં આવ્યું છે, જે 10 કરોડ રૂપિયાનું છે. જ્યારે INC ને કુલ 92.5 લાખ રૂપિયા દાન મળ્યું છે, તેમાં સૌથી વધુ રકમ 50 લાખની છે, જે નિરમા લી. તરફથી મળી છે. NCP ને ગુજરાતમાંથી કુલ 10.75 લાખ દાન મળ્યું છે. વધુ વિગતો આ સાથે શામેલ છે.

## એડીઆરનું અવલોકન અને ભલામણ

- **NCP, AITC, CPM, NPEP, INC, BJP** and **CPI** દ્વારા તેમના દાન અંગેના અહેવાલો ખુબજ મોડા રજૂ કરવામાં આવ્યા છે.

- ડોનેશન સ્ટેટમેન્ટ (ECI ને રજૂ કરેલ) માં INC એ 74.504 કરોડ રૂપિયાનું દાન મળેલ હોવાનું જણાવ્યુ છે, પણ વિગતવાર સ્ટેટમેન્ટમાં સરવાળો 74.524 કરોડ રૂપિયા થાય છે. તે જ પ્રમાણે

CPM એ તેમણે મળેલ દાનની રકમ 12.854 કરોડ દર્શાવી છે, પણ વિગતવાર સ્ટેટમેન્ટમાં તે રૂ.12.901 કરોડ થાય છે.

- 5 રાષ્ટ્રીય પક્ષો – બીજેપી, આઇએનસી, સીપીએમ, સીપીઆઇ, એનપીઇપી દ્વારા 2.746 કરોડ દાન આપનાર 171 દાતાઓ ના PAN નંબર દર્શાવ્યા નથી જ્યારે 6.095 કરોડ રૂપિયાના દાનમાં ખોટો પાન નંબર દર્શાવ્યો છે.
- BJP દ્વારા 81.383 કરોડ દાનના, INC દ્વારા 12.21 કરોડ દાનના, AITC દ્વારા 42.50 લાખના CPM દ્વારા 17.35 લાખના NPEP દ્વારા 8.35 લાખના અને CPI દ્વારા 50,000 રૂપિયાના દાનની વિગતો માં ચેક નંબર અથવા ડીડી નંબર, બેન્કની વિગતો અધૂરી દર્શાવી છે.
- રાજકીય પક્ષોદ્વારા સબમિટ કરવામાં આવતા દાનની વિગતો માં કોઈ વિગત અધૂરી હોવી જોઈએ નહીં તે બાબતે ECI દ્વારા કડક વલણ અપનાવવું જોઈએ.
- તમામ ડોનરની પાન નંબર ની વિગતો દર્શાવવી જોઈએ.
- રાજકીય પક્ષ ને મળેલ દાનની બધી વિગતો માહિતી અધિકાર કાયદા હેઠળ નાગરિકોના નિરીક્ષણમાટે ખૂલી હોવી જોઈએ. અન્ય દેશો જેવા કે ભૂતાન, નેપાળ, જર્મની, ફ્રાંસ, ઈટલી, બ્રાઝિલ, બલ્ગેરિયા, USA, જાપાન વગેરે દેશોમાં પક્ષને મળેલા દાનમાં પારદર્શિતા હોય છે.
- રાષ્ટ્રીય પક્ષ પાસેથી અપેક્ષા છે, કે તેઓ મળેલા દાનની તમામ વિગતો ECI ને આપી ને એક ઉદાહરણ પૂરું પાડે.
- અધૂરી વિગત આપતા પક્ષ સામે ECI દ્વારા પગલાં લેવાવવા જોઈએ અને તેની વિગતો વેબસાઇટ પર મૂકવી જોઈએ.
- જો સબમિટ કરેલા અહેવાલમાં વિગતો અધૂરી હોય તો ECI દ્વારા તે અહેવાલો જે તે પક્ષ ને પાછા આપવા જોઈએ, અને તે પૂર્ણ કરવા દિશાનિર્દેશ કરવો જોઈએ.
- રાજકીય પક્ષ RTI હેઠળ જવાબદેહિ હોવા જોઈએ. તેનાથી પારદર્શિતા વધશે અને સરવાળે લોકશાહી મજબૂત થશે.

## Contact Details


| | | | |
|---|---|---|---|
| Media and Journalist Helpline<br><br>+91 80103 94248<br><br>Email: adr@adrindia.org<br><br>https://adrindia.org/about-adr/state-coordinators | Maj Gen Anil Verma (Retd.)<br><br>Head, NEW & ADR<br><br>+91 8826479910<br><br>anilverma@adrindia.org | Prof Jagdeep Chhokar<br><br>IIM Ahmedabad (Retd)<br><br>Founder, NEW & ADR<br><br>jchhokar@gmail.com | Prof Trilochan Sastry<br><br>IIM Bangalore<br><br>Founder, NEW & ADR<br><br>+919448353285,<br><br>tsastry@gmail.com |